જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૮/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૦૬/૧૬</u>

<u>જીઆઇડીસી વટવા પોલીસ સ્ટેશન</u>

માનનીય પોલીસ કમીશ્નર શ્રી, તથા અધિક કમિશ્નર શ્રી સેકટર-૨, નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જે” વિભાગ અમદાવાદ નાઓ તરફથી પ્રદુષીત કેમીકલ વાળુ પાણી ખારીકટ કેનાલ માં તેમજ ગટરોમાં ઠાલવવામાં આવે છે તે બાબતે પો.સ્ટે વિસ્તારમાં તપાસ કરી શોધી કાઢી કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ જે સુચના આધારે અમોએ અમારા તાબાના પો.સ.ઇ./સર્વે સ્કોડના માણસોની મીટીંગ બોલાવી અને આવી ગેરકાયદેસરની પ્રવુતી કરતા ઇસમોને શોધી કાઢવા અંગત વિશ્ર્વાસુ બાતમીદારો રાખી પેટ્રોલીંગ ફરવા સુચના આપેલ હતી જે આધારે આજરોજ સવારના ૦૬/૦૦ વાગ્યાના સુમારે અત્રેના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. એમ.એમ.ઠાકોર નાઓને બાતમી હકિકત મળેલ કે જશોદાનગર શર્મા હોસ્પીટલ પાસે ધરતી ટ્રાન્સપોર્ટ ના પાર્કીંગમાં ગુલ્લુ સરદારજી નામનો ઇસમ છત્રાલ તેમજ અન્ય જીઆઇડીસી વિસ્તારોમાંથી એસીડવાળુ પ્રદુષીત પાણી લાવી અને ગટરમાં ઠાલવે છે અને હાલમાં તેના પાર્કીંગમાં એક ટેન્કર પડેલ છે તેવી જાણ સર્વે સ્કોડ પો.સ.ઇ. એ કરતા અમો તાત્કાલીક જશોદાનગર આવેલ અને જશોદાનગર પો.ચોકીના પો.સ.ઇ. આઇ.એ.ધાસુરા તથા જી.પી.સી.બી. તથા ગ્રીન એન્વાયરમેન્ટના અધિકારીઓને બોલાવી પંચોના માણસો બોલાવી અને સદર બાતમીવાળી જગ્યાએ રેઇડમાં ગયેલ અને ત્યા પાર્કીંગમાં એક ટેન્કર એસીડીક પાણીવાળુ મળી આવેલ અને આજુબાજુમાં તપાસ કરતા પાર્કીંગની અંદર એક કુંડી જેવુ બનાવેલ હતુ જેમાં જોતા એસીડની તીવ્ર વાસ આવતી હતી જેથી મ્યુ.કોર્પોરેશનના એન્જીનીયર ને બોલાબી અને તે કુંડીના જોડાણની તપાસ કરતા તે જશોદાનગરની મેઇન ગટર સાથે ઇન્ટર મીડીયટ ચેમ્બર હોઇ જી.પી.સી.બી. ના અધિકારીઓ દ્વારા જેનુ સેમ્પ્લીંગ કરાવતા એસીડની હાજરી મળી આવેલ હોઇ જેથી આ ગુલ્લુભાઇ સરદારજી નાનો તેની માલીકીની ધરતી ટ્રાન્સપોર્ટ સર્વીસના પાર્કીંગમાં તેનાજ માલીકીના ટેન્કરોમાં બહાર છત્રાલ તેમજ અન્ય જીઆઇડીસી માંથી ફેકટરી માલીકોના મેળાપીપણામાં કેમીકલ વેસ્ટ તથા એસીડીક પાણી સરકારના ધારા-ધોરણ મુજબ નીકાલ કરવાના બદલે જાહેર જનતાના સ્વાસ્થય માટે હાનીકારક છે તેવુ જાણવા છતા તેવુ ફેકટરીમાંથી એસીડ તથા એસીડીક પાણી કેમીકલ યુકત તેના આર્થીક ફાયદા સારૂ ભરી લાવી તેના પાર્કીંગમાં બનાવેલ ગટર ની કુંડીથી મેઇન ગટર લાઇન સુધીનુ જોડાણ કરી આ એસીડના લીધે ગટર લાઇન ઉભરાઇ જાય અથવા નુકશાન થાય તે રીતે ગટર લાઇનમાં નાખતો હોઇ જેથી તેના વિરૂધ્ધ કાયદેસર કરી તેના પાર્કીંગમા તેમજ આજુબાજુમાં પડેલ ત્રણ ટેન્કરો કિ.રૂ. ૨૦,૫૦,૦૦૦/- ના મતાના કબ્જે કરી આગળની તપાસ હાથ ધરેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)